નાણા ધિરધારના લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે ઉંચા વ્યાજે નાણા આપી ઉઘરાણી કરતા આરોપી વિરૂધ્ધ
ગુનો દાખલ કરી
આરોપીને ઝડપી પાડતી, સુરત પોલીસ.

રાજ્ય સરકાર દ્વારા ગેરકાયદેસર રીતે નાણાં ધિરધાર કરી સામાન્ય પ્રજાજનોને ખોટી રીતે રંજાડતા ઇસમો વિરૂધ્ધ અસરકારક કામગીરી કરવા માટે સુચના આપેલ હોય જે અન્વયે તા.૦૫/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૦૧/૨૦૨૩ સુધી ખાસ ઝુંબેશ રાખેલ હોય જેથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ તથા ના.પો.કમિ.સા.શ્રી ઝોન-૨ સુરત શહેર તથા મદદનીશ પો.કમિ.શ્રી “ડી” ડીવિઝન સુરત શહેર નાઓએ સદરહુ ગુનામાં સંડોવાયેલ આરોપીઓને પકડી પાડી તેઓની વિરૂધ્ધમાં કડક પગલા લેવા સારૂ માર્ગદર્શન આપેલ જેઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેક્ટરશ્રી નાઓએ આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ જે અન્વયે સર્વેલન્સ સ્ટાફના PSI નાઓ સર્વેલન્સના માણસો સાથે ટીમ વર્કથી બાતમી હકીકત આધારે સદરહુ ગુનામાં સંડોવાયેલ આરોપી નં-(૧) ચેતનભાઇ કાંતીભાઇ ખુંટ ઉ.વ.૩૪ ધંધો.વ્યાજ રહે. પ્લોટ નં-એ/૭૦૪, મીરા એવન્યુ હરેકૃષ્ણ કેમ્પ પાસે સરથાણા જકાતનાકા સરથાણા, સુરત શહેર મુળ ગામ-નાની વાવડીતા-ગારીયાધાર જી-ભાવનગર (ગુજરાત) તથા નં-(૨) દિપક અરવિંદભાઇ પટેલ ઉ.વ.૩૪ ધંધો.વ્યાજનો રહે.પ્લોટ નં-૫૧, આસ્તિક નગર સોસાયટી, સુપર સિનેમાની પાસે ગોડાદરા, સુરતનાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ડીટેક્ટ ગુન્હા :- (૧) ગોડાદરા પો.સ્ટે ગુ.ર.નં. A-પાર્ટ:૧૧૨૧૦૦૬૪૨૩૦૦૫૪/૨૦૨૩ ધી ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ કલમ ૪૦, ૪૨ એ.ડી મુજબ. (૨) ગોડાદરા પો.સ્ટે. ગુ.ર.નં.A-પાર્ટ:૧૧૨૧૦૦૬૪૨૩૦૦૫૫/૨૦૨૩ ધી ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ કલમ ૪૦, ૪૨ એ.ડી મુજબ.